વંચાણે લીધા : સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક પી.એફ.આર. ૧૦૮૫–૧૨૦૭ – ચ. તા. ૨૨/૧૧/૮૫.

# ::– પ રિ પ ત્ર ::–

**વિષય : કર્મચારી સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાંથી પેશગી ની ચુકવણા બાબત**

આથી આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે,

(૧) હાલમાં આ યુનિવર્સિટીમાં કર્મચારી સામાન્ય ભવિષ્યનિધિ ફંડમાંથી કર્મચારીઓની જરૂરિયાત મુજબ હંગામી પેશગી કુલસચિવશ્રીની કચેરી ધ્વારા મંજુર કરવામાં આવે છે અને અંશત આખરી ઉપાડ અત્રેની કચેરીએથી મંજુર કરવામાં આવે છે, અને જેના બિલો જે તે કચેરીના નાણાં ચુકવણા અને ઉપાડ અધિકારી ધ્વારા યુનિવર્સિટી ટ્રેઝરી કચેરીમાં રજુ કરી બિલ પાસ કરાવીને જે તે કર્મચારીને તેમની કચેરી ધ્વારા ચુકવણા કરવામાં આવે છે. આ પધ્ધતિથી કર્મચારીને સમયસર નાણાં મેળવવામાં વિલંબ થતો હોવાને કારણે આ પધ્ધતિમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે. હવેથી ઉપર મુજબ હંગામી પેશગીની મંજુરી અને અંશતઃ આખરી ઉપાડની મંજુરીના બિલો આ કચેરીની હિસાબી અધિકારી (પી.એફ. શાખા) ધ્વારા તૈયાર કરી ચકાસીને પાસ કરીને જે તે કર્મચારીના તેમના બેંક ખાતામાં સીધા જમા કરવાનું નકકી કરેલ છે. આ પધ્ધતિ આગામી તારીખ ૦૧–૦૮–૨૦૧૪ થી ચાલુ કરવાનું નકકી કરેલ છે, જેથી આ પધ્ધતિથી નાણાં ચુકવવા માટે જે તે કર્મચારીની એડવાન્સ અરજીમાં બેંક ખાતા નંબર કે જે તેમનો પગાર જે બેંકમાં જમા થતો હોય તે જ બેંકનો ખાતા નંબર અરજીમાં દર્શાવવાનો રહેશે, તે સિવાય અન્ય બેંક ખાતા નંબર માન્ય રાખવામાં આવશે નહિ.

તા. ૦૧.૦૮. ૨૦૧૪ થી સામાન્ય ભવિષ્યનિધિના ખાતામાંથી ઉપાડવામાં આવતી તમામ પ્રકારની પેશગી / અંશતઃ આખરી ઉપાડ અંગેના ચુકવણા સંબધિત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓના બેંકખાતામાં સીધેસીધા અત્રેથી જમા કરવાની પધ્ધતિ ચાલુ કરવામાં આવનાર હોવાથી તા. ૦૧.૦૮.૨૦૧૪ પછી જે તે કચેરીએ આ અંગેના બીલો બનાવી રકમ ઉપાડવાની રહેતી નથી જે જાણ સારૂ.

(૨) સરકારશ્રીના વંચાણે લીધેલ ઠરાવથી વયનિવૃત્તિ થતાં સામાન્ય ભવિષ્યનિધિના બચતદારોને તેમના ભવિષ્યનિધિ હિસાબોની ઝડપી પતાવટ માટે સરકારી કર્મચારીઓને નોકરીમાં છેલ્લા ત્રણ માસ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિમાં કોઈ પણ જાતનો ફાળો ભરવામાંથી ફરજિયાત મુકિત આપવામાં આવેલ છે, જે બાબતે અત્રેથી આ અગાઉ પરિપત્રથી સુચનાઓ આપવામાં આવેલ હોવા છંતા કેટલાંક કિસ્સાઓમાં સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં નિવૃત્તિના માસ સુધી સ્વૈછિક કપાત ચાલુ રાખવામાં આવતી હોવાનું આ કચેરીના ધ્યાન ઉપર આવેલ છે.

આથી ફરી સુચના આપવામાં આવે છે કે, હવે પછી નિવૃત્તિના છેલ્લા માસ સુધી ભવિષ્યનિધિ ખાતામાં કપાત ચાલુ રાખવામાં આવશે તો સરકારશ્રીના પરિપત્રથી આપવામાં આવેલ સુચનાનું તથા નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતનું ઉલ્લંઘન કરવા સબબ સંબધિત અધિકારીશ્રી/કર્મચારીશ્રી તેમજ નાણા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની જવાબદારી નકકી કરી ખાતાકીય રાહે પગલા ભરવા અંગે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે આથી નિવૃત્તિ પહેલાના ત્રણ માસ દરમ્યાન સામાન્ય ભવિષ્ય

નિધિની કોઈ કપાત કરવામાં આવે નહિ તે અંગે તમામ સંબધકર્તાઓએ ખાસ નોંધ લેવી. તેમજ રજુ કરવામાં આવતા નિયમિત પગાર બિલમાં "સદરહું પગાર બીલમાં સમાવિષ્ટ અધિકારીશ્રી/કર્મચારીશ્રી પૈકી નિવૃત્ત થતા અધિકારીશ્રી/કર્મચારીશ્રીની ભવિષ્યનિધિની કપાત નિવૃત્તિના ત્રણ માસ પહેલાં બંધ કરવામાં આવેલ છે" તે મતલબનું પ્રમાણપત્ર અચુક આપવાનું રહેશે અને આમ છંતા નિવૃત્ત થતા અધિકારીશ્રી/કર્મચારીશ્રીની ભવિષ્યનિધિની નિવૃત્તિ પહેલાના ત્રણ માસ દરમ્યાન કોઈ કપાત કરવામાં આવેલ હશે તો સંબધિત કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની તે અંગે જવાબદારી નકકી કરી નાણાંકીય નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) છઠ્ઠા પગારપંચના પ્રથમ હપ્તાની ૨૦% એરીયર્સની રકમ જી.પી.એફ.માં જમા કરેલ છે. તે હવે ખાસ પેશગી અને અંશતઃ આખરી ઉપાડ મેળવતી વખતે બાદ કરવાની રહેતી નથી.

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

જા.નં. નકૃયુ/હિઅહિનિ/પી.એફ./પરિપત્ર / ૫૪૩૭ /૨૦૧૪
તા.૮ /૭/૨૦૧૪.

**નકલ સવિનય રવાના :–**

૧. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવીર્સટી, નવસારી તરફ જાણ થવા સારું.

**નકલ જયભારત રવાના :–**

૧. આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીના ધ્યાન પર મુકવા સારું.
૨. વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, ન.કૃ.યુ, નવસારી તરફ જાણ તેમજ ઉપરોકત ક્રમ–૧ ના પારા–૨ માં દર્શાવેલ નમુના મુજબનું પ્રમાપપત્ર ચકાસ્યા બાદ જ પગાર બીલ પાસ કરવાના રહેશે.
૩. હિસાબી અધિકારી (કેશ), ન.કૃ.યુ તરફ જાણ તેમજ તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીના ધ્યાન પર મુકવા સારુ.